તાત્કાલિક

ક્રમાંક:રાપબો/NTSE/૨૦૨૦/3243-3229

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા. ૦૬/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

વિષય: રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા (એન.ટી.એસ.ઇ.)-૨૦૨૦ પરીક્ષા બાબત.

શ્રીમાન,

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એન.સી.ઇ.આર.ટી., ન્યુ દિલ્હી પુરસ્કૃત રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા (એન.ટી.એસ.ઇ.) બે તબક્કામાં લેવાનાર છે. પ્રથમ તબક્કાની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા તા.૧૩/૧૨/૨૦૨૦ રવિવારના રોજ યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૩/૧૦/૨૦૨૦ થી તા.૦૩/૧૧/૨૦૨૦ દરમિયાન ઓનલાઇન ભરવામાં આવી રહ્યા છે.

આ પરીક્ષા અંગે જિલ્લા કક્ષાએથી પરીક્ષાની વિગતો શાળા સુધી પહોંચે તે આવશ્યક છે. વધારે વધુમાં વધુ વિદ્યાર્થી આ પરીક્ષામાં ભાગ લઇ શકે તે હેતુથી આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ પરીક્ષાના જાહેરનામાની વિગતવાર માહિતી પહોંચાડવા વિનંતી છે.

આભાર સહ,

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પરીક્ષા

રાજ્ય પરીક્ષા બોર્ડ

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર 3/72
તારીખ 06/10/2020
સહી......
કચેરીની સહી..................

પ્રતિ,
આચાર્યશ્રી તમામ.

જાણ તથા અમલ સારું

E.I.

Scanned by CamScanner

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય. સેક્ટર-૨૧,ગાંધીનગર

## "રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા પરીક્ષા જાહેરનામું"

"National Talent Search Examination Exam Notification"

જાહેરનામા ક્રમાંક:રાપબો/NTSE/૨૦૨૦/ ૩૬૬૨ - ૩૨૪૦ તા:૦૬/૧૦/૨૦૨૦

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એન.સી.ઇ.આર.ટી., ન્યુ દિલ્હી પુરસ્કૃત રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા(એન.ટી.એસ.ઇ.) બે તબક્કામાં લેવાનાર છે. પ્રથમ તબક્કાની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ.ગાંધીનગર દ્વારા તા.૧૩/૧૨/૨૦૨૦, રવિવારના રોજ યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૧૭/૧૦/૨૦૨૦ થી તા:૦૩/૧૧/૨૦૨૦ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણાના નિયમો :

NTSE પ્રથમ તબક્કાની પરીક્ષાના પરિણામને આધારે મેરિટ મુજબ રાજ્યના નિયત ક્વોટા પ્રમાણે બીજા તબક્કાની પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. બીજા તબક્કાની પરીક્ષા એન.સી.ઇ.આર.ટી., ન્યુદિલ્હી દ્વારા લેવામાં આવશે. જેના આધારે શિષ્યવૃત્તિ મેળવવાપાત્ર ઉમેદવારોને નીચે મુજબ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

- ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨ માં માસિક રૂ ૧૨૫૦/- શિષ્યવૃત્તિ મળશે.
- અન્ડરગ્રેજ્યુએશન તથા પોસ્ટગ્રેજ્યુએશન અભ્યાસ માટે માસિક રૂ ૨૦૦૦/- શિષ્યવૃત્તિ મળશે.
- Ph.D. અભ્યાસ માટે યુ.જી.સી. ના નિયમાનુસાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૦ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૭/૧૦/૨૦૨૦ થી ૦૩/૧૧/૨૦૨૦ |
| ૩ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૧૭/૧૦/૨૦૨૦ થી ૦૩/૧૧/૨૦૨૦ |
| ૪ | પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૭/૧૦/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ |
| ૫ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો DEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૯/૧૧/૨૦૨૦ |
| ૬ | DEO કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | ૧૮/૧૧/૨૦૨૦ |
| ૭ | DEO કચેરી દ્વારા શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૩/૧૧/૨૦૨૦ |
| ૮ | પરીક્ષા તારીખ | ૧૩/૧૨/૨૦૨૦ |



Scanned by CamScanner

❖ <u>વિદ્યાર્થીની લાયકાત :</u>

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ માં કોઇ પણ માન્ય બોર્ડની ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા, ખાનગી શાળા, લોકલ બોર્ડ શાળા અથવા કોઇપણ માન્ય શાળામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ NTSE ની પરીક્ષા આપી શકશે.

જે વિદ્યાર્થી મુક્ત દૂરવર્તી શિક્ષણ કેન્દ્ર (Open Learning Distance)માં અભ્યાસ કરતા હોય તેવા ૧/૭/૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના, નોકરી ન કરતા હોય તેમજ પ્રથમ વખત ધોરણ-૧૦ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ પણ NTSE ની પરીક્ષા આપી શકશે.

વિદેશમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ બીજા તબક્કાની પરીક્ષા માટે સીધી ઉમેદવારી કરી શકશે. આ માટે NCERTની વેબસાઇટ પર જાન્યુઆરી-૨૦૨૧ માં પ્રસિદ્ધ થનાર આવેદનપત્ર ૨૮/૦૨/૨૦૨૧ સુધીમાં NCERT દ્વારા સૂચવ્યા મુજબ ભરવાનું રહેશે.

❖ <u>આવક મર્યાદા :</u>

એન.સી.ઇ.આર.ટી.,ન્યુ દિલ્હી દ્વારા નક્કી થયા મુજબ આ પરીક્ષામાં આવક મર્યાદા ધ્યાનમાં લેવાની નથી. જે વિદ્યાર્થીને સ્કોલરશીપ મેળવવાને પાત્ર ઠરે છે તે વિદ્યાર્થીને પૂરેપૂરી સ્કોલરશીપ મળશે.

❖ <u>પરીક્ષા ફી :</u>

- જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂ.૭૦/- રહેશે.
- પી.એચ., ઓ.બી.સી., એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂ.૫૦/- રહેશે.
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.
- કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

<u>ફી સ્વીકારકેન્દ્ર:</u>

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે. પોસ્ટ ઓફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા "ATM CARD/NET BANKING" થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Challan" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું



Scanned by CamScanner

આવશે અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડની ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>પ્રશ્નપત્રની કક્ષાઓ અને ગુણ :</u>

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) બૌધ્ધિક યોગ્યતા કસોટી (MAT) | ૧૦૦ | ૧૦૦ | ૧૨૦ મિનીટ |
| (૨) શૈક્ષણિક યોગ્યતા કસોટી (SAT)<br>ગણિત-૨૦, વિજ્ઞાન -૪૦, સામાજિક વિજ્ઞાન -૪૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૨૦ મિનીટ |

❖ <u>કસોટીનું માળખુ:</u>

- પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે. વિદ્યાર્થી જે માધ્યમ પસંદ કરશે તે માધ્યમનું પ્રશ્નપત્ર આપવામાં આવશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- અંધ વિદ્યાર્થીઓને બંન્ને વિભાગમાં ૩૦-૩૦ મિનીટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.
- સામાન્ય રીતે પરીક્ષા કેન્દ્ર જિલ્લા કક્ષાએ રાખવામાં આવશે.

❖ <u>ક્વોલિફાઇંગ ગુણ:</u>

જનરલ અને ઓ.બી.સી તથા EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે દરેક વિભાગમાં ક્વોલિફાઇંગ ગુણ ૪૦% તથા એસ.સી.,એસ.ટી. તથા પી.એચ. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે દરેક વિભાગમાં ક્વોલિફાઇંગ ગુણ ૩૨% રહેશે.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. <u>તા.૧૭/૧૦/૨૦૨૦ (બપોરના ૧૫.૦૦ કલાક) થી તા.૦૩/૧૧/૨૦૨૦ (રાત્રે ૨૩.૫૯ કલાક)</u> દરમિયાન <u>www.sebexam.org</u> પર અરજીપત્રક ભરી શકાશે. અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- "Apply online" ઉપર Click કરવું.



Scanned by CamScanner

- "National Talent Search Examination - (STD-10)" સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- શાળાની વિગતો માટે શાળાનો DISE Number નાખવાનો રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો DataSave થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- વેબસાઇટ પર OBC, SC, ST, EWS, તેમજ PH કેટેગરીના ઉમેદવારોએ ફોર્મમાં જે જગ્યાએ પ્રમાણપત્ર નંબર, તારીખ અને પ્રમાણપત્રની કોપી અપલોડ કરવી ફરજિયાત છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારી Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશેનહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ્ડ ભારતીય પોસ્ટ ઓફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટ વે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

❖ જરૂરી આધારો / પ્રમાણપત્રો :

ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/પ્રમાણપત્રો જોડવાના રહેશે.

- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)
- કેટેગરી અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)



Scanned by CamScanner

- વિકલાંગતા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)
- Non-Cremy layer પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (કેન્દ્ર સરકારની યાદીમાં ઓ.બી.સી કેટેગરીનો વિદ્યાર્થી હોય તો)

❖ શાળાએ કરવાની કાર્યવાહી:

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા-૦૯/૧૧/૨૦૨૦ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કરવાની કાર્યવાહી:

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા:૧૮/૧૧/૨૦૨૦ સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે તથા તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૨૩/૧૧/૨૦૨૦ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે.

❖ બીજા તબક્કાની પરીક્ષા :

પ્રથમ તબક્કામાં રાજ્યના નિયત ક્વૉટામાં મેરીટમાં આવતા વિદ્યાર્થીઓની બીજા તબક્કાની પરીક્ષા NCERT, NEW DELHI દ્વારા તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

❖ સ્ટેજ-૨ માટે નીચે મુજબની ક્વોલીફાઇડ અનામત નક્કી થયેલ છે

- એસ.સી. કેટેગરી માટે ૧૫% બેઠક અનામત રહેશે.
- એસ.ટી. કેટેગરી માટે ૭.૫% બેઠક અનામત રહેશે.
- ઓ.બી.સી. કેટેગરી માટે ૨૭% બેઠક અનામત રહેશે.
- ઓ.બી.સી. અનામતનો લાભ કેન્દ્ર યાદીમાં સમાવેશ થયેલ હોય અને નોન-ક્રિમીલેયર હોય તેઓને મળવાપાત્ર રહેશે.
- ઓ.બી.સી.ની કેન્દ્ર યાદી આ સાથે સામેલ રાખેલ છે. (તે યાદી માં દર્શાવેલ જ્ઞાતિને જ ઓ.બી.સી. કેટેગરીનો લાભ મળવાપાત્ર થશે
- EWS કેટેગરી માટે ૧૦% બેઠક અનામત રહેશે. (તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી નક્કી થયા મુજબ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગો સિવાયની જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગોને નવી અનામત નીતિનો લાભ આપવા માટે રાજ્ય સરકારે અરજદારના કુટુંબના તમામ સ્ત્રોત મળીને થતી કુલ આવક રૂ. ૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પુરા) કરતાં ઓછી થતી હોય તેવી વ્યક્તિઓ/ઉમેદવારોને અનામતનો લાભ આપવાનું ઠરાવ્યુ છે.
- પી.એચ. કેટેગરી માટે ૪% બેઠક અનામત રહેશે.



Scanned by CamScanner

o પી.એચ. કેટેગરીની ૪% અનામત બેઠકોનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે. નીચે દર્શાવેલ અલગ અલગ પી.એચ. કેટેગરીમાં કેટેગરી (a) માટે ૧%, કેટેગરી (b) માટે ૧% , કેટેગરી (c) માટે ૧% અને કેટેગરી (d) તથા (e) માટે ૧% બેઠક અનામત રહેશે.

a) Blindness and Low Vision (BLV)

b) Deaf and hard of hearing (DH)

c) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy (LD)

d) Autism, intellectual disabilities, specific learning disability and mental illness (AID)

e) Multiple disabilities from amongst persons under clauses (a) to (d) including deaf-blindness in the posts identified for each disabilities (MD)

❖ <u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની કોઇ પણ માન્ય બોર્ડની તમામ સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી, સ્વનિર્ભર શાળાઓમાં આ જાહેરનામાંની નકલ <u>તા-૧૦/૧૦/૨૦૨૦</u> સુધીમાં ફરજીયાતપણે પહોંચાડવાની રહેશે તથા તે પત્રની નકલ આ કચેરીને મોકલવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ ન આવે તે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૦૬/૧૧/૨૦૨૦</u> સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રો આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૧૮/૧૧/૨૦૨૦</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ <u>તા:૨૩/૧૧/૨૦૨૦</u> સુધીમાં આવેદનપત્રોની હાર્ડકોપી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરવાની રહેશે.

❖ <u>અગત્યની સૂચનાઓ ::</u>

- વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.



Scanned by CamScanner

- OBC કેટેગરીના વિધાર્થીઓ માટે જાતિ પ્રમાણપત્ર તેમજ નોન-ક્રિમીલીયર સર્ટી અને SC, ST, EWS, તેમજ PH કેટેગરીના વિધાર્થીઓએ સર્ટીફીકેટ વેબસાઇટ પર અપલોડ કરવા ફરજિયાત છે.
- OBC, SC, ST, EWS, તેમજ PH કેટેગરીના વિધાર્થીઓ દ્વારા અપલોડ કરાયેલ પ્રમાણપત્રની જવાબદારી સંબધિતોની જ રહેશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ થયા અંગેની પ્રેસનોટ આપી વધુમાં વધુ વિધાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિધાર્થી હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવા વિનંતી.

સ્થળ: ગાંધીનગર
તારીખ:૦૬/૧૦/૨૦૨૦

(ડૉ. એમ.જી.વ્યાસ)
સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ રવાના અમલાર્થે</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાની ધોરણ-૧૦ ધરાવતીતમામશાળાઓને જાણ કરવા સારૂ.
- આસી. કમિશ્નરશ્રી, કેન્દ્રીય વિધાલય,ગાંધીનગર-૨૬.
  આપના તાબા હેઠળની કેન્દ્રીય વિધાલયોને જાણ કરવા સારૂ.
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, બ્લોકનં.૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
  આપના નિયંત્રણ હેઠળની શાળાઓને જાણ કરવા સારૂ.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોકનં.૪/૩,ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
  આપના નિયંત્રણ હેઠળની શાળાઓને જાણ કરવા સારૂ.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડાભવન,સેક્ટર-૮
  આપના નિયંત્રણ હેઠળની શાળાઓને જાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી, બીલકેશ, અમદાવાદ



Scanned by CamScanner